સરકારી કચેરીઓ આજથી ખુલશે : વહીવટી તંત્ર ધમધમતુ બનશે

ગાંધીનગર, તા. ૨૬

ચાર દિવસના મીની વેકેશન બાદ આવતીકાલથી સરકારી કચેરીઓ ખુલતાં જ વહીવટીતંત્ર ફરી ધમધમતુ થશે.

દિવાળીના તહેવારો દરમ્યાન સળંગ ચાર જાહેર રજાઓ આવતા સરકારી કચેરીઓમાં મીની વેકેશન પડવા પામ્યું હતું. જેના કારણે સળંગ ચાર દિવસ વહીવટીતંત્ર બંધ હતુ.

રજાઓ પૂર્ણ થતાં જ આવતીકાલથી સરકારી કચેરીઓ ખુલશે તેની સાથે જ વહીવટીતંત્ર પણ ધમધમશે. જો કે દિવાળીના તહેવારો બાદ આવતીકાલે સરકારી કચેરીઓમાં પહેલો દિવસ હોઈ કચેરીઓમાં વહીવટી કામગીરીના બદલે અધિકારીઓ કર્મચારીઓ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓની આપલે કરવામાં વ્યસ્ત જોવા મળશે.

આવતીકાલે કેન્ટીનોમાં પણ કર્મચારીઓ સાથે બેસીને નવા વર્ષની ચા ની ચુસ્કીઓ સાથે શુભેચ્છાઓ પાઠવતા જોવા મળશે.

ગાંધીનગરમાં ૪થીએ મોહરમ મનાવાશે

ગાંધીનગર, તા.૨૬

મુસ્લિમ સમાજ યમને આસુરા મોહરમ તા. ૪ નવેમ્બર મંગળવારના રોજ મનાવશે. મહોરમ મહિનાનો ચાંદ ભાઈ બીજના દિવસે દેખાયો છે. જેથી આગામી ૪થીના રોજ યમને આસુરા મહોરમ મનાવવામાં આવશે. તેમજ સમાજ દ્વારા મહિલાઓની તકરીર વાયઝનું આયોજન કરવામાં આવનાર છે. જે માટેની મિટીંગ આજે રાત્રે ૧૦ વાગે સેકટર-૨૯ હુસેની ચોક ખાતે યોજવામાં આવશે. બેઠકમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

નૂતન વર્ષ નિમિત્તે રાજયપાલશ્રીએ પ્રજાજનો સાથે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું

ગાંધીનગર, તા.૨૬

નૂતન વર્ષના મંગળ પ્રારંભે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજભવન ખાતે પ્રજાજનો સાથે નૂતન વર્ષની શુભકામનાઓનું આદાન પ્રદાન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજભવન ખાતે રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી અને શ્રીમતી અવિનાશ કોહલી સાથે નવા વર્ષની શુભકામનાઓનું આદાન પ્રદાન કર્યું હતું. આ ઉપરાંત અગ્રણી નાગરકો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, પદાધિકારીઓ, રાજયના વરિષ્ઠ સચિવશ્રીઓ, ઉચ્ચાધિકારીઓ, પ્રજાજનો અને રાજભવન પરિવારના સભ્યો સાથે રાજયપાલશ્રીએ શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

ગાંધીનગરમાં શ્રી જય અંબે પરિવાર દ્વારા રજત જયંતિ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૧૩-બી માં રવિવાર સવારે રજત જયંતી મહોત્સવનો ભક્તિ સાથે દબદબાભેર ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારે શોભાયાત્રા તેમજ ભાવનાબેન ગોકલાણીના આનંદના ગરબાના સમુહગાનનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ભાગ લઈ મહોત્સવની યાત્રા માણી હતી.

રજતજયંતી મહોત્સવના પહેલા ચરણમાં રવિવાર સવારે વાજતે ગાજતે વિશાળ સંખ્યામાં વાહનો દ્વારા શોભાયાત્રાનું પ્રસ્થાન સેક્ટર-૧૩ ના શક્તિચોકમાંથી થયું હતું. જે સેક્ટર-૧૨, ૬, ૭, ૨, ૩, ૪, ૫, થઈ નિજ પવિત્ર સ્થળે પરત ફરી હતી. બાદમાં બપોરના ત્રણ કલાકે ભાવનાબેન ગોકલાણીના વડપણ હેઠળ બહુચરમાંઈ મંડળોની હજારથી વધુ બહેનો તથા જય અંબે પરિવારની બહેનો સાથે આનંદના ગરબાનું સમુહગાન તથા ભક્તિ વંદના કાર્યક્રમ ઉજવ્યો હતો. જેમાં આનંદના ગરબાના રચિયતા વલ્લભરામ અને ધોલારામને મળેલા માતાજીના વરદાન અને તેના ઈતિહાસ વર્ણવ્યો હતો.

સોમવારના રોજ સવારે મહારક્તદાન શિબિર તેમજ રોગ નિદાન કેમ્પનું આયોજન હાથ ધરાયું છે. જ્યારે રાત્રીએ શિવતાંડવ અને ભજનીક હેમંત ચૌહાણના સુરીલા સ્વરમાં 'આજ કી શ્યામ મા જગદંબા કે નામ' ના ભજન સંધ્યા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયેલુ છે જેમાં સર્વેને પધારવા જય અંબે પરિવાર તરફથી જાહેર આમંત્રણ અપાયું છે. પ્રમુખ લલિતકુમાર પટેલ તથા મહામંત્રી વિષ્ણુભાઈ પટેલ અને સંગઠનના હોદ્દેદારોએ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી છે.

સેમેસ્ટર પરીક્ષા ડિસેમ્બર સુધી મોકૂફ કરાતા અનેક તર્ક વિતર્કો

પરીક્ષા મોકૂફ કરવા માટે અનેક કારણો : ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા ફેકલ્ટી માટે સેમેસ્ટર પરીક્ષામાં બે લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ છે : અહેવાલ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી ફેકલ્ટી માટે સેમેસ્ટર પરીક્ષા મોકૂફ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ચર્ચા રહી છે. અગાઉ પરીક્ષાની તારીખ ૧૭મી નવેમ્બર રાખવામાં આવી હતી. આ પરીક્ષાઓમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓ બેસનાર છે. ગુજરાત યુનવર્સિટી દ્વારા સેમેસ્ટર પરીક્ષા મોકૂફ કરવાને લઈને તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે. આ પરીક્ષા મોકૂફ રાખવા માટે જે કારણો આપવામાં આવ્યા છે તે લાંબી પ્રવેશ પ્રક્રિયાને લઈને જણાવવામાં આવ્યું છે. પ્રથમ વર્ષ બીએસસી અને બીકોમ પ્રવેશની પ્રક્રિયા તાજેતરમાં જ પૂર્ણ થઈ હતી. આ વિલંબ માટે અન્ય જે કારણ છે તેમાં સીએ અને કંપની સેક્રેટરી માટેની પરીક્ષા પણ છે. કારણ કે, નવેમ્બર મહિનામાં જ આ પરીક્ષા યોજાનાર છે જેના પરિણામ સ્વરુપે હવે સેમેસ્ટર પરીક્ષા ૧૯મી ડિસેમ્બર સુધી મોકૂફ કરી દેવામાં આવી છે. અન્ય કારણો પણ એક મહિના સુધી પરીક્ષાને મોકૂફ રાખવા માટે આપવામાં આવ્યા છે. આંતર યુનિવર્સિટી યુવા મહોત્સવનું આયોજન પણ કરવામાં આવી ચુક્યું છે. આ મહોત્સવમાં ભાગ લેવા માટે ઘણા વિદ્યાર્થી બહાર પણ છે જેના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોલેજ વહીવટીતંત્રની દુવિધાભરી સ્થિતિને પણ જવાબદાર ગણવામાં આવે છે. કારણ કે, પરીક્ષા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમના ફોર્મ ભર્યા ન હતા. પરીક્ષા ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ ૧૭મી ઓક્ટોબર રાખવામાં આવી હતી. હવે કોલેજોમાં વેકેશનની સ્થિતિ છે. આગામી સપ્તાહમાં જ કોલેજો ફરી શરૂ થશે. હજુ સુધી ફોર્મ જમા નહીં કરી ચુકેલા વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવા જોઈએ કે કેમ તેને લઈને પણ ગુંચવણભરી સ્થિતિ છે.

અમદાવાદમાં ઈમરજન્સીના ૧૪૭૬ કેસ

અમદાવાદ,તા. ૨૬

દિવાળીના પર્વ દરમિયાન ઈમરજન્સીના કેસોમાં પણ તીવ્ર વધારો નોંધાયો હોવાનો આંકડો સપાટી ઉપર આવ્યો છે. ૨૨, ૨૩, ૨૪ અને ૨૫મી ઓક્ટોબરના દિવસે અમદાવાદમાં ઈમરજન્સીના કુલ ૧૪૭૬ કેસો નોંધાયા હતા. આ ઈમરજન્સીના કેસોમાં પેટમાં દુખાવો, એલર્જીના રિએક્શનો, આગ અને દાઝી જવાના બનાવોનો સમાવેશ થાય છે. નવા વર્ષના દિવસે એટલે કે દિવાળીના આગલા દિવસે ઈમરજન્સીના સૌથી વધુ બનાવ અમદાવાદ જિલ્લામાં નોંધાયા હતા. નવા વર્ષેઈમરજન્સીના કુલ ૪૫૦ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આ તમામ કેસોને સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા હતા. આવી જ રીતે ભાઈબીજના દિવસે પણ ઈમરજન્સીના ૩૯૧ કેસો નોંધાયા હતા. જુદા જુદા રાજ્યોમાં ઈમરજન્સી કેસોની વાત કરવામાં આવે તો સૌથી વધુ ઈમરજન્સીના કેસો ૨૨મી ઓક્ટોબરથી લઈને ૨૫મી ઓક્ટોબરના ગાળા દરમિયાન અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ નોંધાયા છે. આ ઉપરાંત દાહોદમાં પણ ૨૨થી લઈને ૨૫મી ઓક્ટોબર દરમિયાન ઈમરજન્સીના ૭૬૪ કેસો નોંધાયા હતા.

જ્યારે સુરતમાં ઈમરજન્સીના આ ગાળા દરમિયાન ૮૫૪ કેસો નોંધાયા હતા. આવી જ રીતે વડોદરામાં ૬૨૬ કેસો નોંધાયા હતા. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આ ગાળા દરમિયાન ઈમરજન્સીના કુલ ૨૮૯ કેસો નોંધાયા હતા. પેટમાં દુખાવાના ઈમરજન્સીના સૌથી વધુ કેસ ૨૪મી ઓક્ટોબરના દિવસે ૩૩૭ નોંધાયા હતા જ્યારે ૨૨મીથી લઈને ૨૫મી ઓક્ટોબરના ગાળા દરમિયાન પેટમાં દુખાવાના કુલ ૧૦૯૩ કેસો નોંધાયા હતા.

નવા વર્ષની શુભકામના વોટસઅપના સહારે, ટેકનોલોજીએ આત્મીયતા ઘટાડી

મિલન-મુલાકાત ઓછી થઈ ગઈ, ફોન કોલ્સ પણ બંધ થયા, ફક્ત સંદેશાની આપ લે જ

ગાંધીનગર, તા. ૨૬

સેલફોન થકી દુનિયા મુઠ્ઠીમાં સમાઈ જતી હોવાના તથ્યો દિન-પ્રતિદિન સાચા ઠરી રહ્યા છે. સવંત ૨૦૭૧ના નવા વર્ષના આગમનના વધામણા પણ ફક્ત હવે મોબાઈલ પુરતાં જ સિમિત બની રહ્યા છે. ટેકનોલોજીના આ વળગણે સંબંધોની મીઠાસ ઓછી કરી નાખી છે જેમાં વોટસઅપ દ્વારા શુભકામના પાઠવીને પોતાની ફરજ અદા કરી રહ્યા છે. એક બીજાને મળીને આનંદથી શુભકામના પાઠવતો સમય હવે સ્વપ્ન બની રહ્યો છે. ફક્ત મોબાઈલ દ્વારા સંદેશાની આપ-લે કરી કામ પુરૂ થયાનો સંતોષ વ્યક્ત થાય છે.

સવંત-૨૦૭૧ ની નવા વર્ષની શુભકામના દરેકના મોબાઈલમાં મેસેજ સ્વરૂપે આવેલી જોવા મળી રહી છે. દિપાવલી પર્વના આગમન પૂર્વે જ સતત શુભકામનાના સંદેશા પાઠવીજાણે કે સૌથી વધુ હિતેચ્છુ હોય તેવા પ્રયાસો ટેકનોલોજીના સહારે પ્રદર્શિત થઈ રહ્યા છે. પરંતુ હકીકતે આ વોટસઅપની દુનિયાએ એકબીજા વચ્ચેની આત્મીયતા ઘટાડી નાખી છે. એકબીજાને મળવાની ઉત્સુકતા આ વોટસઅપ સંદેશાએ બિલકુલ નષ્ટ કરી દીધી છે. ફોન કોલ્સ પણ બંધ થઈ ગયા. ફોનકોલ્સથી કમસેકમ એકબીજાના અવાજના રણકાની હુંફ તેમજ ભાવ પ્રદર્શિત થતા હતા તે પણ સંદેશાથી સંતોષ માની લેવો પડ્યો છે.

જો કે ઈન્ટરનેટ માધ્યમ થકી વધુમાં વધુ સ્વજનો અને હિતેચ્છુઓ સાથે જોડાયેલું રહેવાય છે તે હકીકત બની છે તેમજ ફોન કોલ્સ કરતા સસ્તી આ સેવા વધારે લોકોને શુભેચ્છા સંદેશ પહોંચાડી શકાય છે. વિદેશમાં વસતા સગા-સંબંધીઓ પણ ટેકનોલોજીના આ સહારે તાત્કાલીક શુભેચ્છા સંદેશ મોકલી અને મેળવી શકે છે તે આ સમયની શ્રેષ્ઠ સુવિધા પુરવાર થઈ છે. પરંતુ એ પણ નિર્વિવાદ હકિકત બની છે કે સંદેશાની આપ લે પૂરતુ સિમિત બની એકબીજાની

મુલાકાત પણ શક્ય બનતી નથી કે ટાળી દેવાય છે. અગાઉના સમયમાં સ્નેહીઓના ઘરે જઈ મોં મીઠું કરી ભેટીને નવા વર્ષની શુભકામના પાઠવી તેઓની નજદીક હોવાનો અહેસાસ થતો હતો જે હવે સમયાંતરે ઘટી ગયો છે અને ફક્ત નવા વર્ષના સંદેશને વોટસઅપ મેસેજથી મોકલી વ્યસ્ત હોવાનો ખોટો ડોળ ઉભો કરાય છે. આમ હિંદુ સંસ્કૃતિ ઉપર પણ ટેકનોલોજી હાવી બની છે.



ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના સંદેશને પરિપૂર્ણ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા છેડાયેલું 'સ્વચ્છ ભારત અભિયાન' હવે જન જનના માનસમાં સ્થાન પામતું જાય છે અને વધુ ને વધુ નાગરિકો તેને વધાવીને સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ રહ્યા છે. ગાંધીનગરના સે. ૨-એ માં રહેતી વિધિ ભરત શાહે આ અભિયાનને ધ્યાનમાં રાખીને તેની થીમ આધારીત સુંદર રંગોળી બનાવી છે. અને તે દ્વારા તેમણે દિવાળીના તહેવારની ઉજવણી સાથે સ્વચ્છતાનું મહત્વ જોડી દીધુ છે.

આગના ત્રણ બનાવો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ખાલી ખોખા તથા કચરાના ઢગલામાં ફુટેલા ફટાકડાનું તણખલું ઉડીને પડતા આગ લાગી હતી તે ઉપરાંત રોકેટથી બોરીજ ગામમાં વન વિભાગની ઝાડીઓમાં પણ આગ ભભુકી હતી. અડધા વિઘા જમીનમાં ઘાસ બળીને ખાખ થઈ ગયું હતું. તે ઉપરાંત સે-૨૬ કિસાનનગર ખાતે વેગનઆર ગાડી અચાનક સળગી ઉઠવાનો બનાવ બન્યો હતો. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમે ત્રણે વિવિધ સ્થળોએ લાગેલી આગને સમયસર સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવી આગ વધુ ફેલાય તે પહેલાં જ કાબુમાં લઈ લીધી હતી. સદનસીબે આ ત્રણેય આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ નથી.

શાળા-આરોગ્ય ચકાસણી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૩ લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. આંગણવાડીથી માધ્યમિક શાળાના તમામ બાળકોને આવરી લેવામાં આવનાર છે.

જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી માટેનું માઈક્રો પ્લાનીંગ તૈયાર થઈ ગયું છે. આ માટે ૬૦ જેટલી ટીમો આરોગ્ય ટીમો કામ કરશે. રાષ્ટ્રીય બાળ આરોગ્ય તંત્રના અધિકારીઓ પણ આ ચકાસણી કાર્યક્રમમાં જોડાશે.

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન પાણીના ક્લોરીનેશન, શાળા સંકુલની સફાઈ, સગર્ભા માતા સ્વાસ્થ્ય સ્પર્ધા, બાળ આરોગ્ય સ્પર્ધા જેવા કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે. જિલ્લામાં ૩ હજારથી વધુ આરોગ્ય કર્મચારીઓ આ કાર્યક્રમમાં જોડાશે.

શહેર સુનુ-સુનુ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચહલપહલમાં વધારો થશે અને નગર ફરીથી ધબકતું થઈ જશે.

રાજયના પાટનગરમાં સરકારની મુખ્ય કચેરીઓ, શિક્ષણમાં અગ્રેસરતાના કારણે શૈક્ષણિક સંસ્થાઓ તથા હરવા ફરવાના સ્થળો થકી સતત ધમધમતું ગાંધીનગર તહેવારોમાં શાંત પડી જાય છે. નોકરી વ્યવસાય અર્થે નગરમાં વસેલા વસાહતીઓ તહેવારો તથા રજાઓમાં પોતાના માદરે વતન જતા હોય છે અને કુટુંબીઓ સાથે હળીમળીને તહેવારો ઉજવતા હોય છે. જે કારણે નગરમાં સુનકાર વ્યાપી જાય છે. વધુમાં શૈક્ષણિક સંસ્થાઓમાં દિપાવલી વેકેશન હોવાથી અને સરકારી કચેરીઓમાં પણ મીની વેકેશનનો માહોલ સર્જાતા સમગ્ર નગરમાં ચહલપહલ બંધ પડી જઈને સુનકાર વ્યાપી ગયો છે. ધંધા વાળા પણ વાર્ષિક દિપાવલી વેકેશનનો લાભ લઈ નવા વર્ષનું મુર્હુત કરી લાભ પાંચમ સુધી ધંધા બંધ રાખી ફરવા જતા રહે છે જેથી સમસ્ત નગરની દુકાનો પણ બંધ રહે છે જેથી હર્યાભર્યા શહેરમાં સન્નાટો પ્રસરી ગયો છે.

દિન પ્રતિદિન પાટનગરમાં વસવાટીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે અને તે કારણે નગરના માર્ગો ઉપર ભારે ટ્રાફીક જોવા મળે છે જે હાલમાં સુમસામ બની ગયા છે. પાર્કીંગની ભારે સમસ્યાનો સામનો કરી રહેલા નગરમાં હાલ જગ્યા જ દેખાઈ રહી છે. આજથી સાત વર્ષ પહેલા સરળતાથી માર્ગો ઉપર વાહન લઈને પસાર થઈ જવાતું હતું જે આજે દુર્લભ બન્યું છે. અતિ ભારે ટ્રાફિક હલ થઈ ગયો છે જેથી તહેવારોમાં માર્ગોના ધબકારા ઘટી જતાં તે દૃશ્ય પણ નગરજનો માટે આઘાતજનક લાગે છે. જો કે આજથી સચિવાલય સહિત સરકારી અને અર્ધસરકારી કચેરીઓ શરૂ થઈ જશે જેથી નગર પુનઃ ધબકતું થઈ જશે અને નગરમાં ચહલપહલમાં વધારો થતાં માર્ગો ધમધમી ઉઠશે. જો કે લાભપાંચમથી ધંધાર્થીઓ શુભમુર્હુતમાં ધંધાની શરૂઆત કરશે જેથી સુમસામ બનેલા બજારમાં નવચેતન સાથે ધમધમાટ શરૂ થઈ જશે.

શબ્દાવલી - ૫૫૪૨



આડી ચાવી

૧. કોઇકની મર્યાદા રાખવી તે, માન આપવું (૩)
૪. સૌરાષ્ટ્રનો એક પર્વત (૪)
૬. વ્રત, ઉપવાસ (૩)
૭. મંજુરી, રજા મળવી તે(૪)
૮. વિજળી, દામણી (૩)
૧૧. નકામો ફેરો (૫)
૧૪. સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઇ જાય તે (૪)
૧૬. બરફના ટૂકડાનો વરસાદ થાય તેને.... પડ્યા કહેવાય (૨)
૧૮. ઘણો જ ખાટો રસ, પ્રિઝર્વેટીવ (૩)
૨૦. શુકલ પક્ષ, અજવાળીયું(૨)

ઊભી ચાવી

૧. આયુષ્ય (૪)
૨. મારવું તે, ... પડવો (૨)
૩. નાત, સમાજ (૨)
૪. ખ્રિસ્તી દેવળ કે ચર્ચ (૫)
૫. નારાયણનો પરમભક્ત(૩)
૯. પોષણ માટે જેટલો જરૂરી હોય તેટલો જ ખોરાક લેનાર(૪)
૧૦. પ્રાથમિક જ્ઞાન ક-ખ-ગ-ઘ (૨)
૧૧. ધર્મ (૩)
૧૨. આશય, ઉદ્દેશ (૪)
૧૩. ધરાહર (૩)
૧૪. ઉપસ્થિત (૩)
૧૫. પતિ કે પત્નીના કાકા (૩)
૧૯. અરમાન, ઇચ્છા (૨)

શબ્દાવલી ૫૫૪૧ના જવાબ

આડી ચાવી :- (૧) કપડા (૩) શાનદાર (૪) ફેશન (૫) મદીરા (૭) ચોસઠ (૧૦) દાદા (૧૧) અમેરીકા (૧૨) સ્ફુચક્કર (૧૫) પલ (૧૬) થાક (૧૭) સુકોમળ (૨૦) પાપ (૨૧) સમાનતા (૨૨) કણકી

ઊભી ચાવી :- (૧) કરમદા (૨) ડાફેરા (૩) શાન (૬) દીદાર (૭) ચોમેર (૮) સરી (૯) ઠકાઠક (૧૧) અક્કલ (૧૩) ચપળતા (૧૪) જાસુસ (૧૬) થાપણ (૧૮) કોમા (૧૯) મન (૨૦) પાક

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Change of Name
Old name : PATEL PRAKASHKUMAR DHULABHAI
New Name : PATEL PRAKASHBHAI DHULABHAI
Add : Patel Fali, opp. Ramji Mandir, KDIDI, Ta. Dhansura, Dist. Arvalli

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ